CONDUCTED BY PATEL KELAVANI MANDAL

# M. M. Ghodasara Mahila Arts & Commerce College

Opp. Motibaugh, Junagadh – 362 001
Phone : (0285) 2670523, Mo. 99099 70523
Website : mmgcollegejnd.edu.in
Email : mmg_college@yahoo.co.in

પટેલ કેળવણી મંડળ સંચાલિત એમ.એમ.ઘોડાસરા મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, મોતીબાગ સામે, જુનાગઢ ને ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગર દ્વારા તા. ૧૦/૧૦/૨૦૨૩ ના રોજ મળેલ જુનિયર કલાર્ક ની એન.ઓ.સી. અન્વયે **જુનિયર કલાર્ક–૧ જનરલ કેટેગરી** ના ઉમેદવારોએ તાજેતરના પાસપોર્ટ સાઈઝના ફોટા સાથે અરજી તથા તમામ ગુણ પત્રકો, લીવીંગ સર્ટી., કોમ્પ્યુટરની જાણકારીની સ્વપ્રમાણીત નકલો સહીત પોતાના સરનામા વાળા ૯ x ૪ સાઈઝના કલર પર રૂા. ૨૫/– ની ટપાલ ટીકીટ ચોટાડીને જાહેરાત પ્રસિધ્ધ થયેથી મંડળના ઉપરોકત સરનામે દિન–૧૫ માં ફકત R.P.A.D. (રજી.એડી.)થી રજુ કરવા જણાવવામાં આવે છે.

**સંવર્ગ જગ્યાની વિગત :**

| ક્રમ | જગ્યાનું નામ | જગ્યાની સંખ્યા | કેટેગરી |
|---|---|---|---|
| ૧ | જુ.કલાર્ક | ૦૧ | જનરલ |

- ઉમેદવાર ભારતનો નાગરિક હોવો જોઈએ. અથવા ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિમયો, ૧૯૬૭ ના નિયમ–૭ ની જોગવાઈ મુજબની રાષ્ટ્રીયતા ધરાવતા હોવા જોઈએ.
- એન.ઓ.સી.ની શરત મુજબ આ જગ્યા પાંચ વર્ષ માટે ફિકસ પગારની રહેશે. પાંચ વર્ષ પૂર્ણ થયે કામગીરીની સમીક્ષા કર્યાબાદ મંજુર થયેલ લઘુતમ પગાર ધોરણમાં નિમણૂક આપવામાં આવશે.
- પ્રથમ પાંચ વર્ષ દરમિયાન કોઈ ભથ્થા તેમજ તેના આનુસંગિક કે અન્ય લાભો મળવાપાત્ર રહેશે નહી.
- હાલમાં નોકરી કરતા ઉમેદવારોએ પોતાના સંસ્થાના વડા મારફતે એન.ઓ.સી. પ્રમાણપત્ર સાથે અરજી કરવાની રહેશે.
- નિમણૂંક પામનાર ઉમેદવારને ઉપર દર્શાવ્યા મુજબ તારીખ ૧૦/૧૦/૨૦૨૩ થી મળેલ એન.ઓ.સી.ની તમામ શરતો બંધન કરતા રહેશે.
- અધુરાશોવાળી કે આધારો વગરની અરજીઓ તેમજ નિયત સમય મર્યાદા બાદ આવેલ અરજીઓ આપોઆપ રદ ગણાશે.
- સદર ભરતી પ્રક્રિયા અન્વયે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા નકકી કરેલ ભરતીના નિયમો અને લાયકાતનાં ધોરણો મુજબ કરવામાં આવશે.

## ૧. વયમર્યાદા :

- ગુજરાત સરકારની સેવામાં હોય તેવી વ્યકિતઓની તરફેણમાં ઉપલી વયમર્યાદા વખતોવખત સુધાર્યા પ્રમાણેના ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો–૧૯૬૭ ની જોગવાઈ અનુસાર રહેશે.
- સામાન્ય વર્ગની મહિલા ઉમેદવારો, માજી સૈનિક, દિવ્યાંગ ઉમેદવારોને નિયમોનુસાર છૂટછાટ મળવાપાત્ર છે.

## ૨. શૈક્ષણિક લાયકાત :

- ઉમેદવાર ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઈપણમાંથી અથવા તે તરીકે માન્ય થયેલી અન્ય કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન અધિનિયમ–૧૯૫૬ ની કલમ–૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલ સ્નાતકની પદવી ધરાવતા હોવા જોઈએ.
- ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતા હોવા જોઈએ.
- ઉમેદવાર ગુજરાતી અથવા હિન્દી અથવા બંને ભાષાનું પૂરતું જ્ઞાન ધરાવતા હોવા જોઈએ.

## ૩. પરીક્ષા પધ્ધતિ :

**તબકકો – ૧ : પ્રાથમિક પરીક્ષા**

| | | |
|---|---|---|
| 1. | Reasoning | 40 Marks |
| 2. | Quantities aptitude | 30 Marks |
| 3. | English | 15 Marks |
| 4. | Gujarati | 15 Marks |
| | **Total** | **100 Marks** |

- મુખ્ય પરીક્ષા માટેના ઉમેદવારોને પસંદ કરવા પ્રથમ તબકકામાં પ્રાથમિક પરીક્ષા MCQ પ્રકારના પ્રશ્નો ધરાવતી સ્પર્ધાત્મક પરીક્ષા લેવામાં આવશે.
- પ્રાથમિક પરીક્ષા ૧૦૦ પ્રશ્નોના પ્રશ્નદીઠ ૧ ગુણ લેખે કુલ ૧૦૦ ગુણની રહેશે. પરીક્ષાનો સમય ૬૦ મિનિટનો રહેશે.
- પ્રશ્નના પ્રત્યેક ખોટા જવાબદીઠ ૦.૨૫ ગુણ નેગેટીવ માર્કિંગ રહેશે.
- દિવ્યાંગ ઉમેદવારોના કિસ્સામાં પ્રત્યેક કલાક દીઠ વધારાની ૨૦ મીનીટ લેખે વધારાનો સમય ફાળવવામાં આવશે.
- પ્રાથમિક કસોટી ફકત સ્ક્રીનીંગ ટેસ્ટ માટે છે, પ્રાથમિક કસોટીમાં ઉમેદવારે મેળવેલ ગુણને આખરી પસંદગી યાદી માટે ધ્યાને લેવામાં આવશે નહી.પ્રાથમિક પરીક્ષાને અંતે મુખ્ય પરીક્ષા માટે લાયક

ઠરેલ ઉમેદવારોની યાદી તૈયાર કરવામાં આવશે. અને મેરીટના આધારે ભરવાની થતી જગ્યાના સાત ગણા ઉમેદવારોને બીજા તબકકાની મુખ્ય પરીક્ષા માટે લાયક ગણવામાં આવશે.

- મુખ્ય પરીક્ષા માટે લાયક ઠરેલ ઉમેદવારો આ જાહેરાત અન્વયેની શૈક્ષણિક લાયકાત, વયમર્યાદા તેમજ અન્ય જરૂરી લાયકાત સંતોષે છે તેમ માનીને મુખ્ય પરીક્ષા માટે શરતી પ્રવેશ આપવામાં આવશે.

**તબકકો – ૨ : મુખ્ય પરીક્ષા**

| | | |
|---|---|---|
| 1. | English | 20 Marks |
| 2. | Gujarati | 20 Marks |
| 3. | Polity/Public Administration/RTI/CPS/PCA | 30 Marks |
| 4. | History, Geography, Culture Heritage | 30 Marks |
| 5. | Economics, Environment, Science & Tech. | 30 Marks |
| 6. | Current Affairs & Current Affairs with Reasoning | 30 Marks |
| 7. | Reasoning | 40 Marks |
| | **Total** | **200 Marks** |

- મુખ્ય પરીક્ષા MCQ પ્રકારના પ્રશ્નો ધરાવતી સ્પર્ધાત્મક પરીક્ષા લેવામાં આવશે.
- મુખ્ય પરીક્ષા ૨૦૦ પ્રશ્નોના પ્રશ્નદીઠ ૧ ગુણ લેખે કુલ ૨૦૦ ગુણની રહેશે. પરીક્ષાનો સમય ૧૨૦ મિનિટનો રહેશે.
- પ્રશ્નના પ્રત્યેક ખોટા જવાબદીઠ ૦.૨૫ ગુણ નેગેટીવ માર્કિંગ રહેશે.

PRINCIPAL
M.M.G. MAHILA ARTS & COM. COLLEGE
JUNAGADH.